દાખલ થયા તારીખ	૧૭/૦૮/૨૦૧૫		
રજીસ્ટરે લીધા તારીખ	૧૭/૦૮/૨૦૧૫		
ફેસલ થયા તારીખ	૦૮/ ૦૫/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૧૦	૦૭	૨૪

સંતરામપુરના મહેરબાન પ્રીન્સીપાલ સિનિયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં
મુ.સંતરામપુર, જી.મહીસાગર.

સ્પે.દિ.મુ. નં.૨૨–૨૦૧૭
આંક–

વાદી :–

ગુજરનાર દીલીપકુમાર કાળીદાસ ગાંધીના વારસદારો

૧. નિલમબેન તે દિલીપકુમાર કાળીદાસ ગાંધીની
વિધવા ઓરત
ઉ.વ.૫૧ ધંધો:– ઘરકામ

૨. રોનકકુમાર દિલીપકુમાર ગાંધી
ઉ.વ.૨૪ ધંધો:–અભ્યાસ

૩. સંવેદકુમાર દિલીપકુમાર ગાંધી
ઉ.વ.૨૦ ધંધો:–અભ્યાસ
તમામ રહે. ઢાલા બજાર,
મું.પો.તા.સંતરામપુર,જિ.મહીસાગર

<u>વિરુધ્ધ.</u>

પ્રતિવાદીઓ:–

૧. ગુજરાત સરકાર શ્રી,ગાંધીનગર,
C/O જિલ્લા સરકારી વકીલશ્રી,
જિલ્લા સરકાર વકીલશ્રીની કચેરી,

પંચમહાલ જિલ્લા ડીસ્ટ્રીકટ કોર્ટ,બિલ્ડીંગ,ગોધરા
હાલ લુણાવાડા મહીસાગર

૨. કલેકટર શ્રી,
કલેકટર કચેરી કંપાઉન્ડ,
લુણાવાડા,જિ.મહીસાગર

૩. અધિક ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,
પ્રાંત કચેરી કંપાઉન્ડ,પ્રાંત ઓફીસ પાસે,ગોધરા.

૪. કાર્યપાલક ઈજનેર શ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
આઈ.ટી.આઈ.બિલ્ડીંગ ટેકરા ઉપર,
મોડાસા રોડ, લુણાવાડા. તા.લુણાવાડા,
જિ.મહીસાગર

દાવો : રૂ. ૩૦૦/–ના આંકથી ડેકલેરેશન તથા વળતર માટેનો

વાદીઓ તરફે વિધ્વાન.વ.શ્રી પી.એલ.ગાંધી
પ્રતિવાદીઓ તરફે વિધ્વાન એ.જી.પી શ્રી. જે.જે.સોલંકી

–: ચુ કા દો :–

૧. વાદીઓએ હાલનો દાવો સ્પેસીફીક રીલીફ એકટ એકટ ની કલમ ૩૪ અન્વયે ડેકલેરેશન તથા રૂા. ૪૬,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા છેતાલીસ લાખ પુરા) માટેના નુકશાની વળતર માટે કરેલ છે અને દાવાના પેરા–૭ માં નીચે મુજબની રીલીફ પ્ર.વાદીઓ સામે માંગેલ છે.

રીલીફ (દાદ) :–

અ. આ કામના પ્રતિવાદીઓ મોજે સંતરામપુર, તા.સંતરામપુર, જિ.મહીસાગરના સીટી સર્વે નં.૨૩૩૮ ના રેવેન્યુ સર્વે નં. ૯૩ પૈકીની પ્લોટ નં.૧ વાળી ખુલ્લી (૯૬.૮૭ ચો.મીટર) ખુલ્લી

જમીન લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડના કામે ગેરકાયદેસર રીતે સંપાદન કરેલી છે. તેવું ઠરાવો અને પ્રતિવાદીઓનું આ કૃત્ય એટલે કે,દાવાવાળી જમીન સંપાદન કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરકાનુની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોય ગેરકાયદેસર ઠરાવો.

બ. પ્રતિવાદીઓના આ ગેરકાયદેસરનાં કૃત્ય બદલ વાદીઓને થયેલ નુકશાન રૂા. ૨૪,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ચોવીસ લાખ પુરા) થાય અને સદર જમીનનો કબ્જો લીધા તારીખની આજદિન સુધીનાં એટલે કે, ૧૨ વર્ષ સુધીના સદર વળતર ઉપરનું ૩૦ % સોલેશ્યમ વ્યાજ ગણતાં રૂા. ૮,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા આઠ લાખ પુરા) તથા ૧૨% વ્યાજ ગણતા રૂા.૧૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચૌદ લાખ પુરા) આમ કુલ રૂા. ૪૬,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા છેતાલીસ લાખ પુરા) વળતરની રકમ તરીકે વાદીને ચુકવી આપવા જવાબદાર ઠેરવશોજી અને સદર રકમ પ્રતિવાદીઓની હર કોઈ જાત, માલ, મિલકતથી વસુલ થાય તેવું વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમનામું કરી આપશોજી.

<u>વાદીના દાવાની ટૂંક હકીકત :–</u>

૨. વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે સંતરામપુર તા. સંતરામપુર જિ.મહીસાગરના સીટી સર્વે નં. ૨૩૩૮ ના રેવન્યું સર્વે નં. ૯૩ પૈકીની પ્લોટ નં.૧ વાળી ખુલ્લી જમીનના (૯૬.૮૭ ચો.મીટર) મૂળ માલિક નટવરલાલ મોહનલાલ ભોઈ હતા અને તેઓએ કલેકટર શ્રી પંચમહાલના હુકમ જમન / બિનખેતી / ૧૫ / ૫૫ / વશી / ૬૧૬૫ તા. ૧૮/૧૨/૧૯૯૬ થી બિનખેતીના વાપરવાની પરવાનગી લીધેલી હતી તે જમીન પૈકી પ્લોટ નં.૧ વાળી ખુલ્લી જમીન (૯૬.૮૭ ચો.મીટર) જે દાવાવાળી મિલકત વાદી નં.૧ ના પતિ અને વાદી નં.૨ થી ૩ ના પિતા

શ્રી દીલીપકુમાર કાળીદાસ ગાંધીનાઓએ નટવરલાલ મોહનલાલ ભોઈ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વેચાણ દસ્તાવેજ નં. ૩૩૨/૧૯૯૭ તા.૧૯/૦૬/૧૯૯૭ ના રોજથી ૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવિસ હજાર પુરા)માં વેચાણ રાખેલી અને ત્યારથી તેના સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટો સ્વ.દીલીપકુમાર કાળીદાસ ગાંધી તેઓ ગુજરી ગયાં ત્યાં સુધી ધરાવતા હતાં.

(૩) દાવાવાળી મિલકત ખુંટ માપમાં પુર્વ-પશ્ચિમ :- ઉત્તર બાજુ ૬.૦૦ મીટર, પુર્વ-પશ્ચિમ:-દક્ષિણ બાજુ ૬.૫૦ મીટર,ઉત્તર-દક્ષિણ:-પુર્વ બાજુ ૧૭. ૦૦ મીટર, ઉત્તર-દક્ષિણ:-પશ્ચિમ બાજુ ૧૪.૦૦ મીટર.તથા તેની હદ પાળી નીચે મુજબ છે.પુર્વ:- આરે સ.નં. પૈકીની પ્લોટ નં.૨ વાળી જમીનો, પશ્ચિમ :- આરે સ. નં. પૈકીની પ્લોટ નં.૧ વાળી જમીનો, ઉત્તર:-રસ્તો, દક્ષિણ:- રે.સર્વે નં.૯૮ એ હદ. જે ઉપરોકત જમીનનાં વેચાણની નોંધ સીટી સર્વે રેકર્ડમાં પણ તા. ૨૨/૧૨/૧૯૯૭ ના રોજ સીટી સર્વેનાઓએ એન્ટ્રી નં. ૭૭ થી મંજુર કરેલી છે અને ત્યાર બાદ સ્વ. દીલીપકુમાર કાળીદાસ ગાંધી ગુજરી જતા તા. ૨૭/૦૮/૨૦૦૨ ના રોજ વારસાઈ નોંધ નં. ૩૭ થી પડેલ અને સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટનાઓએ તા. ૧૯/૧૦/૨૦૦૨ ના રોજ મંજુર કરી ગુજરનાર દીલીપકુમાર કાળીદાસ ગાંધીના વારસદારો તરીકે (૧) નિલમબેન તે દિલીપકુમાર કાળીદાસ ગાંધીની વિધવા ઓરત ઉ.વ.૫૧ ધંધો:-ઘરકામ (૨) રોનકકુમાર દિલીપકુમાર ગાંધી ઉ.વ.૨૪ ધંધો:- અભ્યાસ (૩) સંવેદકુમાર દિલીપકુમાર ગાંધીના નામો દાખલ કરેલા અને તે વખતે વાદી નં.૨ રોનક કુમાર દિલીપકુમાર તથા વાદી નં.૩ સંવેદકુમાર દિલીપકુમાર ગાંધી સગીર ઉમરના હતા અને તેમના વાલી તથા માતા તરીકે નિલમબેન તે દિલીપકુમાર કાળીદાસ ગાંધી હતા હાલમાં બંન્ને સગીર સંતાનો પુખ્ત ઉમરના થયેલ છે.

(૪) **<u>વાદીઓનું દાવામાં આગળ કથન છે કે, વાદીઓનાં ધ્યાન પર આવેલું કે, સદર દાવાવાળી મિલ્કત સંતરામપુર શહેર બહાર લુણાવાડા સંતરામપુર –ઝાલોદ બાયપાસ રોડના કામે આ ત્રણેય વાદીઓની કોઈપણ જાતનું વળતર આપયા વગર સંપાદિત કરી દીધેલી છે અને તેમાંથી આ બાયપાસ રોડના કામે ઉપયોગમાં લીધેલી છે.</u>**

(૫) વાદીઓનું આગળ કથન છે કે, આ ત્રણેય વાદીઓએ આ અંગે અવાર–નવાર તમામ પ્રતિવાદીઓને મૌખિક તથા લેખિતમાં ફરીયાદ કરવાંથી આ ત્રણેય વાદીઓને જાણવા મળેલુ કે, તેઓ નં.૨ નાએ જે તે વખતના કલેકટરશ્રી પંચમહાલ ગોધરાના મનોજ અગ્રવાલ સાહેબશ્રીએ અને જે તે વખતનાં અધિક ખાસ જમીન સંપાદન અધિકારી શ્રી, ગોધરાના શ્રી, એન.કે.ડામોર સાહેબશ્રી એ એવોર્ડ કેસ નં. ૬/૨૦૦૨ માં પ્રાથમિક જાહેરનામું જમીન સંપાદન અધિનિયમ.૧૮૯૪ અન્વયે બહાર પાડેલું. તેમાં પણ વાદીઓના દાવાવાળા પ્લોટનો કોઈ ઉલ્લેખ કરેલો નથી. આથી સ્પષ્ટ થાય છે કે, વાદીઓની દાવાવાળી મિલકત સંતરામપુર શહેર બહાર લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડનાં કારણસર જાહેર હેતું માટે સંપાદન કરવામાં આવેલ નથી અને હાલમાં આ બાયપાસ રોડ શરૂ થઈ ગયેલો છે. આમ,વાદીઓની બિનખેતી વાળી જમીન કોઈપણ જાતનાં વળતર આપ્યા વગર સંપાદિત કરી દીધેલી છે અને આ રોડનું કામકાજ પ્રતિવાદી નં. ૪ ના એ પુરૂ કરેલુ છે અને તેમાં એવોર્ડની રકમ જે તે લાભાર્થીઓને જે તે વખતે ચુકવી દીધેલી છે. જયારે વાદીઓને આ જમીન સંપાદન કરવા છતાંય કોઈ નાણાંકીય વળતર મળેલુ નથી. જેથી વાદીઓને નાણાંથી ભરપાઈ ન થાય તેવું મોટુ નુકશાન થયેલું છે.

(૬) વાદીઓનું આગળ કથન છે કે, આ કામનાં પ્રતિવાદીઓએ મોજે સંતરામપુર, તા.સંતરામપુર, જિ.મહીસાગર

ના સીટી સર્વે નં. ૨૩૩૮ ના રેવન્યું સર્વે નં. ૯૩ પૈકીની પ્લોટ નં.૧ વાળી ખુલ્લી જમીન (૯૬.૮૭ ચો.મીટર) લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડના કામે ગેરકાયદેસર રીતે સંપાદન કરેલી છે અને આમ આ દાવાવાળી જમીન સંપાદન કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરકાનુની અને કુદરતીના ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોય પ્રથમથી જ ગેરકાયદેસર છે.

(૭) વાદીઓનું આગળ કથન છે કે, હાલમાં કેન્દ્ર સરકારશ્રીએ ભૂમિ અધિગ્રહણ બિલ લોકસભામાં પાસ કરેલ છે અને રાષ્ટ્રપતિશ્રીએ તેના અંગેનો વટ હુકમ પણ બહાર પાડેલો છે. ત્રણેય વાદીઓની દાવવાળી મિલકત કે જે રોડ ટચ આવેલી છે અને તે મિલ્કત સંપૂર્ણપણે આ બાયપાસ રોડમાં વિલીન થયેલી છે અને કોઈપણ જાતનાં વળતર વગર તેઓ આ દાવાવાળી જમીનથી વિમુખ થઈ ગયા છે અને કોઈ પણ જાતનું વળતર સરકારશ્રી તરફથી મળેલ નથી પ્રતિવાદીઓ તમામને એવી જાણ છે કે, વાદીઓની આ મિલકત સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલી છે. આ અંગેના વેચાણ દસ્તાવેજ થયેલા છે.અને ડી.આઈ.એલ.આર.ના માપો પણ આ રસ્તો બનાવતા પહેલા મેળવેલા છે અને તેમ છતાં વાદીઓની આ દાવાવાળી મિલ્કત રોડના કામે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર અને જાણ કર્યા વગર સંતાદિત થઈ ગયેલી છે. જેથી તેનું વળતર મેળવવા માટે હકદાર છે.

<u>પ્રતિવાદીઓ તરફથી લીધેલ તકરાર /બચાવ :–</u>

(૮) વાદીના દાવા અરજીનો પ્ર.વાદીઓને સમન્સ ધોરણસર બજી જતા વિ. એ.જી.પી.શ્રી. તમામ પ્રતિવાદીઓ તરફે હાજર થયેલ છે અને આંક–૪૩ થી વાદીના દાવા અરજનો જવાબ આપેલ છે અને વાદીના દાવા હકકીતનો પેરા વાઈઝ ઈન્કાર કરી જણાવેલ છે વાદીનો દાવો તદ્દન ખોટો છે. જે પ્રતિવાદી નં.૧ થી ૪ ને કબુલ મંજુર નથી તથા આવા પ્રકારનો દાવો કરવાનો વાદીને કોઈ હક કે અધિકાર નથી તથા દાવા અરજીની

હકીકતોનો ઈન્કાર કરી દાવો સમયમર્યાદા બહાર દાખલ કરેલ હોય દાવો ના મંજૂર થવાને પાત્ર હોય રદ કરવા માગણી કરેલ છે પ્ર.વાદી તરફે એવી તકરાર લીધેલ છે કે લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાય પાસ રોડના કામે જે જાહેરનામું બહાર પાડીને જમીન સંપાદન કરેલી છે. તેમાં વાદીની દાવાવાળી જમીન અંગે કોઈ જાહેરનામું બહાર પાડી વાદીની દાવાવાળી જમીન સંપાદન કરવામાં આવેલી નથી. વાદી એક માત્ર ખોટી રીતે સરકાર પાસેથી નાણાં પડાવવાના ઈરાદાથી ખોટી રીતે દાવો દાખલ કરેલો છે. **પ્ર.વાદીઓનુ આગળ કથન છે કે, અધિક ખાસ જમીન સંપાદન અધિકારી ગોધરા ધ્વારા તા. ૦૬/૦૯/૨૦૦૮ ના રોજ જમીન સંપાદન કેસ નં.૦૩/ ૨૦૦૫ થી સંતરામપુર શહેર બહાર લુણાવાડા સંતરામપુર ઝાલોદ બાયપાસ રોડના કામે જાહેર હીત માટે જમીન સંપાદન કરેલી છે. અધિક ખાસ જમીન સંપાદન અધિકારી ધ્વારા પંચમહાલ ગોધરા ધ્વારા જમીન સંપાદન અધિનિય–૧૮૯૪ થી કલમ ૧૧(૧) મુજબનો એવોર્ડ જાહેર કરેલ છે. જેમાં વાદીની દાવાવાળી રેવેન્યુ સર્વે નં.૯૩ પૈકી પ્લોટ નં. ૨ ની જમીન સંપાદન કરેલી નથી. જેથી વાદીને જાણ કરવાની, નોટીસ આપવાની કે વળતર ચુકવવાનો કોઈ કારણ ઉપસ્થિત થયેલું નથી.** વાદીના દાવા અરજીના પેરા નં.૭(અ)(બ)(ક)(ડ)માં જણાવેલી દાદ મળી શકે તેમ ન હોય કે વાદી મેળવવા હકદાર ન બનતા હોય વાદીનો દાવો ખર્ચ સહ રદ કરવા માગણી કરેલ છે.

(૯) દાવામાં રજુ થયેલ પક્ષ નિવેદનો અને દસ્તાવેજી પુરાવાના આધારે મારા પુરોગામી ન્યાયધીશ શ્રી દવારા આંક–૩૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

મુદ્દા

૧. શું વાદી પુરવાર કરે છે કે,સીટી સર્વે નં.૨૩૩૮ ના રેવેન્યુ સર્વે નં.૯૩ પૈકીની પ્લોટ નં.૧ વાળી ૯૬.૮૭ ચો.મી. ખુલ્લી જમીનનાં મુળ

માલિક નટવરલાલ મોહનલાલનાઓ ધ્વારા બીન ખેતીની પરવાનગી મેળવી વાદીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૩૩૨/૧૯૯૭ તા.૧૯/૦૬/૧૯૯૭ ના રોજ રૂા. ૨૪,૦૦૦/- માં ખરીદ કરેલ હતી.?

૨. શું વાદી પુરવાર કરે છે કે,વાદીની સંમતી કે જાણ વિના વાદીની મિલકત બાયપાસ રોડમાં સંપાદિત કરેલ હોય એવોર્ડ નં.૦૬/૨૦૦૨ તે પ્રાથમિક જાહેરનામું બહાર પાડી લુણાવાડા સંતરામપુર ઝાલોદ બાયપાસ રોડના જાહેર હેતું માટે બીનખેતી જમીન સંપાદિત કરી લીધેલ હોઈ વાદીને કોઈ પણ જાતનું વળતર મળેલ ન હોવાથી પ્રતિવાદીનું કૃત્ય ગેરકાયદેસરનું ગેરકાનુની છે.?

૩. શું વાદી પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતની નુકશાની પેટે રૂા. ૨૪,૦૦,૦૦૦/- કબ્જો લીધા બાદ ૧૨ વર્ષ સુધીની રકમ ૩૦% સોલેસીયમ વ્યાજ રૂા. ૮,૦૦,૦૦૦/- તથા ૧૨% વ્યાજ ગણતા રૂા. ૧૪,૦૦,૦૦૦/-મળી કુલ રૂા.૪૬,૦૦,૦૦૦/- પ્રતિવાદી તરફથી મેળવવા હકદાર છે.?

૪. શું વાદીના દાવાને સમય મર્યાદામાં સિધ્ધાંતનો બાધ નડે છે.?

૫. શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા માટે હકદાર છે.?

૬. શું હુકમ અને હુકમનામું?

(૧૦) મુદદાઓ અંગેના નિર્ણયના જવાબ નીચે મુજબ છે

૧ હકારમાં

૨ નકારમાં

૩ નકારમાં

૪ હકારમાં

૫ નકારમાં

૬ આખરી હુકમ મુજબ

(૧૧) વાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

મૌખિક પુરાવો

ક્રમ	સાહેદનુ નામ	આંક
૧.	વાદી નિલમબેન દિલીપકુમાર ગાંધીનુ સીપીસી ઓડર ૧૮ મુજબનું સરતપાસનુ સોગંદનામુ	૩૬

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૧	માહીતી અધિકારી મેઈન્ટેનન્સ સર્વેયર સંતરામપુરે રીસીવ કરેલ કોપી	૪૭
૨	સંતરામપુર સીટી સર્વેએ કરેલ તપાસની સર્ટીફાઈડ નકલ	૪૮
૩	સીટી સર્વે સંતરામપુરના સર્વે નં.૨૩૩૮ ની સર્ટીફાઈડ નકલ, જેમ સ્પે દિ.મુ.નં. ૨૧/૧૭ ના વાદી મિલનનભાઈ તથા સ્પે.મુ.નં.૨૨/૧૭ ના વાદી નીલમબેનના પતિ દીલીપકુમાર કાળીદાસ ગાંધીના નામનો વેચાણ દસ્તાવેજ નં.૩૩૨/૧૯૯૭ તથા ૩૩૩/૧૯૯૭ ની એન્ટ્રી તથા વારસાઈની સર્ટીફાઈડ નકલ	૪૯
૪	અધિક ખાસ જમીન સંપાદન અધિકારીનું તા.૧૦/૦૨/૦૩ નું જાહેર નામું	૫૦
૫	નિરીક્ષક અધિકારી માર્ગ અને મકાન વિભાગ સંતરામપુરે મીલનકુમાર કાળીદાસ ગાંધીને કરેલ પત્રની ટ્રુ કોપી	૫૧
૬	મોજે.રામપુરના સર્વે નં.૯૩ ના ૭/૧૨,૮અ,૬અ ની રેવન્યુ રેકર્ડની સર્ટીફાઈડ નકલ	૫૨
૭	સબરજીસ્ટાર સંતરામપુરમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નં.૩૩૨/ ૯૭	૫૩

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૮	લે–આઉટ પ્લાન	૫૪

ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૫૫ થી વાદીની પુરાવા બંધની પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૧૨) પ્રતિવાદી નં.૧ થી ૪ તરફથી રજુ થયેલ મૌખિક પુરાવો નીચે મુજબ છે.

<u>મૌખિક પુરાવો</u>

ક્રમ	સાહેદનુ નામ	આંક
૧.	પ્રતિવાદી કેયુરકુમાર ઈશ્વરભાઈ પટેલનું વાદીના દાવા અરજી સામે સરતપાસનું સોગંદનામુ	૫૯

(૧૩) પ્રતિવાદી નં.૧ થી ૪ તરફથી કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૬૫ થી પુરાવો બંધની પુરસીસ પ્રતિવાદીઓ તરફે રજુ કરવામાં આવેલ છે.

(૧૪) ત્યારબાદ કામ દલીલો માટે રાખતા વાદીઓ તરફે આંક ૬૬ થી લેખિત દલીલો રજુ કરી વાદીએ પ્ર.વાદીઓ વાદીઓની મિલ્કતમાં અનધિકૃત રીતે, જમીન સંપાદન કર્યા વગર વાદીની જમીન ઉપર પાકો બાયપાસ રોડ બાંધતા હોવાનુ વાદીએ પુરવાર કરેલ હોઈ પ્ર.વાદીઓનું કૃત્ય ગેરકાયદેસરનુ હોઈ માગ્યા મુજબની રીલીફ વાદી મેળવવા હકદાર હોઈ વાદીનો દાવો મંજુર કરી વાદીને માગ્યા મુજબની રીલીફ આપવા જણાવે છે.

(૧૫) પ્ર.વાદી નં. ૧ થી ૪ તરફે વિ. એ.જી.પી. શ્રી. જે.જે.સોલંકી હાજર થયેલ છે અને વાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોઈ વાદીનો દાવો ના મંજુર કરવા રજુઆત કરેલ છે.

<u>મુદદા અંગેના નિર્ણયના કારણો</u>

<u>મુદદા નં. ૧ થી ૩</u>

(૧૬) મુદદા નં.૧ થી ૩ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર છે અને તેથી વાદીએ તેઓનો કેસ સાબીત કરવા પુરાવો રજુ કરવાનો રહે છે હવે નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે Nirakar Das Versus Gourhari Das AIR 1995 ORISSA HIGH COURT 270 ના કેસમાં ઠરાવેલ છે,

There can be no dispute that the plaintiff has to establish his own case. He has to stand or fall on the basis of evidence led by him. Merely because defendant does not establish his case, plaintiff does not automatically succeed. Significantly defendant No. 3 did not contest the proceeding. The fact that a sale deed had been executed was not in dispute.

આમ આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે વાદી પોતાનો દાવો લઈને અદાલત સમક્ષ આવતા હોય ત્યારે તેમણે તે હકીકત સંભવિતતાની ઉંચી માત્રા અને સમતોલ પુરાવાથી અને માત્ર પોતાના પુરાવા પરથી જ સાબીત કરવાની રહે પ્રતિવાદીએ કોઈ પણ બચાવ લીધો હોય અને પ્રતિવાદી પોતાનો કેસ સાબિત કરી શકે નહિ તો માત્ર એટલા કારણસર એમ કહી શકાય નહિ કે વાદીનો દાવો સાચો છે વાદીએ પોતાના પુરાવાથી જ પોતાની હકિકત સાબિત કરવાની રહે છે સામા પક્ષનો પુરાવો નબળો છે તે કારણે વાદીનો દાવો સાચો છે તેમ કહી શકાય નહિ.

(૧૭) હવે મુદદા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોઈ સરળતા ખાતર અને ચર્ચાનુ પુરનરાવર્તન ટાળવા સારૂ એકસાથે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવેલ છે. વાદીના દાવો સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૩૪ અનવયેનો હોઈ તેની જોગવાઈ જોવામાં આવે તો,

સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪ માં હોદો અથવા હક ઠરાવી આપવા અંગે કોર્ટના વિવેકાધીકારની જોગવાઈ કરવામાં આવેલ છે. કોઈ કાનુની હેસીયત માટે અથવા મીલકત અંગેના કોઈ હક માટે હકદાર વ્યકતિ એવી હેસીયત અથવા હકક અંગે પોતે હકદાર હોવાનો ઈનકાર કરતી અથવા ઈનકાર કરવામાં હીત ધરાવતી વ્યકતી સામે દાદ માગી શકશે. અને કોર્ટ પોતાની વીવેક બુધી અનુસાર તે દાવામાં એવુ ઠરાવી આપશે કે તે તે પ્રમાણે હકદાર છે. અને એવા દાવામાં વાદીએ કોઈ વધુ દાદ માગવાની જરુર નથી.

પરંતુ હકક ઠરાવી આપવાની જ દાદ માગવા ઉપરાંત વાદી વધુ દાદ માગી શકતો હોય છતા તેણે તે માગી ન હોય તો કોર્ટથી એવુ ઠરાવી આપી શકાશે નહી.

સ્પષ્ટીકરણ – મીલકતનો ટ્રસ્ટી જે વ્યકિત હયાત ન હોય પણ જો તે હયાત હોત તો પોતે તેનો ટ્રસ્ટી હોત તે વ્યકિતના હકને પ્રતિકુળ હકનો 'ઈન્કાર કરવામાં હિત ધરાવતી વ્યકિત છે.

<u>પક્ષકારોએ રજુ કરેલ મૌખિક પુરાવાનુ સંક્ષિપ્ત વર્ણન</u>

(૧૮) વાદીએ દાવા હકીકત સાબીત કરવા આંક–૩૬ થી નીલમબેન દીલીપકુમાર ગાંધીનાઓ જાતે તથા અન્ય વાદીઓ વતી લેખિત સરતપાસનું સોગંદનામુ રજુ કરી દાવા હકકીતને સમર્થન કરતી હકકીતો જણાવેલ છે. પ્ર.વાદી તરફે વિ.એ.જી.પી.શ્રી એ ઉલટ તપાસ કરતા વાદી જણાવે છે કે, તેણી સંતરામપુર ખાતે રહે છે. **તેણી બી.કોમ સુધી ભણેલી છે. તેણીને બે દીકરા છે. એ વાત કબુલ કરે છે કે, તેણીએ હાલમાં જે દાવો કરેલ છે. તે મિલ્કત તેણીના પતિની છે. તેણીના પતિની મિલ્કતનો તમામ વહીવટ તેણીના જેઠ કરે છે. એ વાત કબુલ કરે છે કે, તેણીના પતિની મિલ્કતનો વહીવટ તેણીનાં જેઠ કરતાં હોવાથી મિલ્કત સંબંધેની દરેક હકીકત તેણીના જેઠ ને ખબર છે.એ વાત કબુલ કરે છે કે, દાવાવાળી**

મિલ્કત તેણીના પતિને કયાંથી મળેલી તેની તેણીને ખબર નથી. તથા તેણી ઘરકામ કરતી હોવાથી મિલ્કતની દેખરેખ બાબતેની હકીકત તેણીને ખબર નથી. મિલ્કત કયા આવેલી છે તેની તેમને ખબર નથી તે સવાલના જવાબમાં જણાવે છે કે પહેલા દાવાવાળી મિલ્કત રોડમાં આવતી ન હતી પરંતુ રોડ બનતા તેઓની મિલ્કત રસ્તામાં ચાલી ગયેલ છે તેણી ચોક્કસ રીતે કહી શકે નહી કે તેણીની મિલ્કત રસ્તામાં કઈ જગ્યાએ આવેલી હતી એ વાત કબુલ કરે છે કે **તેઓની મિલ્કતની ચતુર્થ દિશા પણ તેણી કહી શકુ નહી તથા તેઓની મિલ્કતની હદપાળી કે માપ તેણી કહી શકે નહી, એ વાત કબુલ કરે છે કે, તેઓની મિલ્કતવાળી જગ્યા ખેતીની હતી,કયારી હતી કે બીન ખેતીની હતી તે પણ તેણી કહી શકે નહી.** સરકારી શ્રી તરફથી જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ ત્યારે તેઓની મિલ્કત રસ્તામાં આવતી ન હતી પરંતુ જયારે રસ્તાનુ કામ ચાલુ થયુ ત્યારે તેઓની જમીન રસ્તાના કામમાં લઈ લીધેલી અને તે બાબતે તેઓના તરફથી નોટીસ આપવામાં આવેલી અને તેનો કોઈ જવાબ આપવામાં આવેલો નહી એ વાત કબુલ કરે છે કે રસ્તા બાબતની જમીનોનાં એવોર્ડ ૬/૨૦૦૨ થી જાહેર કરવામા આવેલો તે સમયે પંચમહાલ જિલ્લો અમલમાં હતો એ વાતની તેણીને ખબર નથી કેલ રોડનું પ્રાથમીક જાહેરનામુ ૬/૨૦૦૨ થી બહાર પાડેલું તેઓની મિલ્કત બાબતે ૨૦૦૨ ની સાલમાં કોઈ અરજી કે નોટીસ આપેલ હોય તે અંગેનો કોઈ દસ્તાવેજ આ કામે તેણીએ રજુ કરેલ નથી. એ વાત કબુલ કરે છે કે જમીન સંપાદન કેસ નં ૩/૦૫ થી જાહેરનામુ થયેલું તથા સને ૨૦૦૫ માં રસ્તાનુ કામ ચાલુ થયેલું એ વાતની તેણીને યાદ નથી કે, રસ્તાનુ કામ કયારે પૂર્ણ થયેલું, તેણી કહી શકે નહી કે સને ૨૦૦૬ માં રસ્તાનુ કામ પૂર્ણ થઈ ગયેલું, **એ વાત કબુલ કરે છે કે, આખરી જાહેરનામુ બહાર પાડવામાં**

આવલુ તેમાં તેઓની જમીન સંપાદન કરવામા આવેલ ન હતી તથા રસ્તાનું કામ કાજ સને ૨૦૦૫/૦૬ મા પૂર્ણ થઈ ગયેલું એ વાત કબુલ કરે છે કેલ તેણીએ સરકારને દાવો કરતા પહેલા સને ૨૦૧૫ માં નોટીસ આપેલી તથા વર્ષોથી સંતરામપુર મુકામે રહે છે તથા તેણીએ દાવાવાળી મિલ્કત બાબતે સને ૨૦૦૫ થી હાલનો દાવો કર્યા સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી એ વાતનો ઈન્કાર કરે છે કે સને ૨૦૦૫ થી હાલનો દાવો કર્યો ત્યા સુધી તેણીની મિલ્કત સંબંધે તેણીએ અરજી / નોટીસ આપેલી પરંતુ કોને આપેલી તે તેણીને ખબર નથી એ વાત કબુલ કરે છે કે આ દાવાના કામે તેણીએ કોઈ અરજી કે નોટીસ આપેલી હોય તેની કોઇ નકલ આ કામે રજુ કરેલ નથી એ વાતનો ઈન્કાર કરે છે કે તેણીએ અરજી કે કોઈ નોટીસ આપેલ ન હોવાથી આ કામે રજુ કરેલ નથી તથા તેણીની મિલ્કત સરકારે સંપાદન કરેલ નથી કે રસ્તામાં મિલ્કત ગયેલ નથી પરંતુ સરકાર શ્રી પાસેથી નાણા મેળવવા માટે હાલનો આ ખોટો દાવો કરેલ છે એ વાતનો ઈન્કાર કરે છે કે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૯) હવે પ્ર.વાદી નં.૧ થી ૪ એ આંક–૫૯ થી તેઓના મૌખીક પુરાવાામાં કેયુર કુમાર ઈશ્વરભાઈ પટેલ માર્ગ મકાન પેટા વિભાગ લુણાવાડાનાઓનુ લેખિત સરતપાસનું સોગંદનામુ રજુ કરી તેઓના દાવા જવાબ મુજબનો પુરાવો આપેલ છે અને વાદીના વકીલ શ્રી ગાંધીએ તેઓની ઉલટ તપાસ કરતા તેઓ જણાવે છે કે, તેઓ છેલ્લા ચાર વર્ષથી માર્ગ અને મકાન પેટા વિભાગ, લુણાવાડા મુકામે મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. એ વાત કબુલ કરે છે કે, મુળ દાવાનો જવાબ તેમણે આપેલો નથી અને આ જવાબ કોણે આપેલો છે તેની પણ તેમને ખબર નથી તથા દાવાવાળી જમીન માર્ગ અને મકાન વિભાગ સંતરામપુરમા આવે છે. તેમણે દાવાવાળી જગ્યા જોયેલ નથી.

તેમણે દાવાવાળી જગ્યાનુ સરકારી રેકર્ડ જોયેલુ છે. એ વાત કબુલ કરે છે કે અધિક ખાસ જમીન સંપાદન અધિકારી અને કાર્યપાલક ઈજનેર એ બંને અલગ અલગ વિભાગ છે. એ વાત કબુલ કરે છે કે, તેઓ કાર્યપાલક ઈજનેરના હાથ નીચે કામ કરતા હોય આ જુબાની આપે છે. દાવાવાળી જમીન અંગે દાવો કરતા અગાઉ વાદીએ સરકારને નોટીસ આપેલ તેની તેમેણે ખબર નથી. **એ વાતનો ઈન્કાર કરે છે કે, દાવાવાળી જમીનમા લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડમા સમાવેશ થઈ જાય છે. દાવાવાળી જમીનનો રોડમા સમાવેશ થતો નથી તે તેઓ એવોર્ડના આધારે કહે છે.** એવોર્ડ ૨૦૦૨ ની આસપાસ પ્રસીધ્ધ થયેલો છે. એ વાત સાથે તેઓ સંમત છે કે, કોઈપણ ખાનગી જમીન જાહેર હેતુ માટે સંપાદન થાય તે પહેલા કલમ–૪ અને કલમ–૬ નીચે જાહેરનામુ પ્રસીધ્ધ થતુ હોય છે. જમીન સંપાદન અંગેનુ જાહેરનામુ પ્રસીધ્ધ થાય તે પહેલા સંપાદીત જમીનની આજુબાજુ નુ રેકર્ડ જોવામા આવેલુ નહી. એ વાત કબુલ કરે છે કે, જમીન સંપાદન થાય તે પહેલા ડી.આઈ.એલ.આર.ના નકશાઓ જોવામા આવે છે. **એ વાતનો ઈન્કાર કરે છે કે, વાદીઓની જમીન સંપાદીત કર્યા વગર રોડના વપરાશમા લઈ લીધેલી છે.** એ વાત કબુલ કરે છે કે કોઈપણ એવોર્ડનુ જમીન સંપાદન થતુ હોય તે સીવાય એ જ કામ માટે બીજી જમીનની જરૂરીયાત હોય તો તે જરૂરીયાત વાળી જમીન સંપાદન કરતા પહેલા ફરીથી નોટીફીકેશન તે જમીન અંગેનુ બહાર પાડવુ પડે. એ વાત કબુલ કરે છે કે અને જરૂર પડે તો જે તે જમીન માલીકોને વ્યકિતગત નોટીસ પણ આપવી પડતી હોય છે તથા કોઈપણ વ્યકિતની જમીન સંપાદન કરવામા આવે તો તેને તે જમીનનુ વળતર આપવાનુ હોય છે. એ વાત કબુલ કરે છે કે, ખાસ જમીન સંપાદન અધીકારીની શુ ફરજો છે તેની તેમને ખબર

નથી.તથા તેમણે આ કેસમાં તેમનો સોગંદપરનો પુરાવો રેકર્ડ આધારીત આપેલ છે. એ વાત કબુલ કરે છે કે, આ જે રેકર્ડ છે તે તેમના ડીપાર્ટમેન્ટનુ રેકર્ડ છે. તથા આ રેકર્ડમા ડી.આઈ.એલ.આર. અગર તો ખાસ જમીન સંપાદન અધીકારીના રેકર્ડનો સમાવેશ થતો નથી. **એ વાત કબુલ કરે છે કે દાવાવાળી મીલકતનું સીટી સર્વેનું રેકર્ડ તેમના રેકર્ડમાં નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે,** તેઓ સરકારનો ખોટી રીતે બચાવ કરવા ખોટી સોગંદ પર જુબાની આપે છે.

(૨૦) **બંને પક્ષ રહેલ સ્વિકૃત રહેલ હકકીત :–**

૧. લુણાવાડા–સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડ માટે જાહેર હેતુ માટે ખાનગી જમીનો સંપાદન કરવા સારૂ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ અને ખાનગી વ્યકિતઓની સંપાાદન થયેલ જમીન બાબતે તેઓને વળતર ચુકવી આપવામાં આવેલ.

૨. વાદીના સર્વે નં. ૯૩ પૈકીમાં આવેલ પ્લોટ ૧ સૂચિત કે અંતિમ જારેનમામાં દર્શાવેલ નથી.

(૨૧) રેકર્ડ ઉપર સ્વીકૃત રહેલ હકકીતો હોઈ જે અંગે **ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨** ની કલમ ૫૮ ની જોગવાઈ જોવામાં આવે તો કલમ:–૫૮ કોઈ કાર્યવાહી તેના પક્ષકારો અથવા પક્ષકારોના એજન્ટો, જેને સુનાવણી વખતે સ્વીકારવા સહમત થાય તેવી અથવા સુનાવણી પહેલા પોતાની સહીવાળા લખાણથી જેને સ્વીકારવા તેઓ સહમત થાય તેવી અથવા અમલમા હોય તેવા કોઈ પ્રતિપાદનના નિયમ મુજબ પ્રતિપાદનોથી જે સ્વીકારેલી છે એમ ગણાય તેવી હકીકત સાબીત કરવાની જરુર નથી પરંતુ ન્યાયાલય સ્વીકારેલી

હકીકતોને એવી સ્વીકૃતિઓ સીવાયની રીતે સાબીત કરવાનુ પોતાની વિવેકબુધ્ધિ અનુસાર ફરમાવી શકે.

(૨૨) હવે પુરાવાના કાયદાની કલમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તથા સ્વીકૃત હકીકત લક્ષમાં રાખી પક્ષકારો તફે રજુ કરેલ પુરાવો ચકાસમાવામાં આવે તો વાદીનો કેસ છે કે સંતરામપુર ટાઉનમાં સીટી સર્વે નં. ૨૩૩૮ ના રેવન્યું સર્વે નં. ૯૩ પૈકીની પ્લોટ નં.૧ વાળી ખુલ્લી જમીન ૯૬.૮૭ ચો.મીટરના મૂળ માલિક નટવરલાલ મોહનલાલ ભોઈ હતા અને તેઓએ કલેકટર શ્રી પંચમહાલ ગોધરાના હુકમ જમન/બિનખેતી/૧૫/૫૫/વશી/૬૧૬૫ તા. ૧૮/૧૨/૧૯૯૬ થી બિનખેતીના વાપરવાની પરવાનગી લીધેલી હતી. તે જમીની વાદીઓના વડીલ દીલીપભાઈ કાળીદાસે નટવરલાલ મોહનલાલ ભોઈ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વેચાણ દસ્તાવેજ નં. ૩૩૨/૧૯૯૭ તા. ૧૯/૦૬/૧૯૯૭ ના રોજથી રૂા. ૨૪,૦૦૦/– (અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા) માં વેચાણ રાખેલી અને ત્યારથી તેના સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટેદાર હતા અન તેઓ ગુજરી જતા વારસાઈ રૂઈએ વાદીઓના નામે સીટી સર્વેમાં નોંધ નં. ૩૭ થી આવેલ છે અને આ જમીનના આજે પણ માલિકી હકક ભોગવે છે અને પ્ર.વાદીઓએ સંતરામપુર –ઝાલોદ બાયપાસ રોડમાં વાદીઓની જમીન વાદીઓના પ્લોટને સંપાદન કરયા વગર ઉપયોગમાં લઈ લીધેલ છે અને વાદીઓને તેનુ કોઈ વળતર ચુકવી આપેલ નહી અને તે બાબતે પ્રતિવાદીઓને વારંવાર જણાવવા છતાં તેઓ તરફથી વળતર નહી ચુકવી આપતા વાદીઓએ હાલનો દાવો લાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે હવે પ્રતિવાદીઓનુ બચાવમાં કથન છે કે ઝાલોદ બાયપાસ રોડ ઉપર ખાનગી જમીનો સંપાદન કરવામાં આવેલ છે અને સંપાદીત થયેલ જમીનોના માલિક –કબજેદારોને પ્રતિવાદીઓ તરફથી સંપાદીત કેસ

૩/૨૦૦૫ થી તા. ૬/૮/૨૦૦૮ ના રોજ હુકમ કરી વળતર ચુકવી આપવામાં આવેલ છે અને વાદીઓની જમીન રોડમાં ઉપયોગમાં લેવામાં આવેલ નથી તેથી વળતર ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી. હવે વાદીઓએ દાવા વાળા રહેણાંકના ખુલ્લા પ્લોટના માલીક છે અને તેઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી આ પ્લોટ ખરીદેલ છે તેવુ તેવુ પોતે સોગંદ ઉપરના પુરવામાં જણાવેલ છે અને તેઓના આ સોગંદ ઉપરના કથનના સપોર્ટમાં આંક–૪૯ થી પ્રોપર્ટી કાર્ડની સર્ટીફાઈડ નકલ માહિતી અધિકાર અનવયે માગણી કરી મેળવેલ છે તે રજુ કરેલ છે જે વંચાણે લેતા નોંધ નં. ૭૭ થી તા. ૧૯/૦૬/૯૭ ના રોજ વાદીએ પ્લોટ નં. ૧ રજીસ્ર્ટ વેચાણ દસ્તાવેજથી ખરીદતા તેઓના નામની નોંધ કરવામાં આવેલ છે. અને આંક ૫૩ થી વાદીઓના વડીલ દીલીપભાઈ ગાંધીએ દાવા વાળો પ્લોટ ખરીદેલ છે તેના રજીસ્ટર્ડ દસ્તાવેજ અસલ રજુ કરેલ છે આમ પુરાવાના કાયદાની કલમ–૩૫ મુજબ જાહેર ચોપડા રેકર્ડ કે રજીસ્ટર કે અન્ય અધિકૃત ચોપડા કે રજીસ્ટર કે રેકર્ડમાં એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા કરેલી નોંધ તે પ્રસ્તુત હોઈ અને પુરવાના કાયદાની કલમ–૮૭ મુજબ નોંધ સાચી છે તે વિરૂધ્ધનુ સાબીત કરવામા ન આવે ત્યાં સુધી તે સાચી છે તે અનુમાન કરવામાં આવે છે આમ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તે આધારે થયેલ વાદીના નામની પ્લોટ નં.૨ અંગે સીટી સર્વે રેકર્ડમાં થયેલ નોંધ અંગેનો વાદીએ મજબુત વિશ્વસનીય પુરાવો રજુ કરેલ હોઈ અને આ પુરાવાને ખંડન કરતી કોઈ હકકીત પ્રતિવાદીઓ તરફથી રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોઈ દાવા વાળા ખુલ્લા રહેણાંક પ્લોટના વાદીઓના વડીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી માલીક કબજેદાર હતા અને તેઓનુ અવસાન થતા વાદીઓને વારસાઈ રૂઈએ માલીક કબજેદાર છે તેવુ વાદીઓ સાબિત કરેલ હોવાનુ માનુ છુ. હવે મહત્વનો પ્રશ્ન એ છે શુ વાદીઓનો દાવાવાળો પ્લોટ

જમીન સંતરામપુર –ઝાલોદ બાયપાસ રોડમાં પ્રતિવાદીઓ દવારા સંપાદન કર્યા વગર ઉપયોગમાં લીધેલ છે અને તેનુ વળતર આપેલ નથી ?

(૨૩) હવે ખાનગી માલીકની જગ્યા જાહેર હેતુ માટે ઉપયોગમાં લેતા અગાઉ જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ મુજબ સંપાદનની કાર્યવાહી કરવાની રહે છે.બંધારણના અનુરછેદ ૩૦૦એ ની જોગવાઈ મુજબ કાયદાના અધિકાર સિવાય કોઈ પણ વ્યકિતઓને મિલકતથી વંચિત રાખવામાં આવશે નહી તેવી જોગવાઈ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Bishamber versus State of Uttar Pradesh AIR 1982 SC** ના કેસમાં ઠરાવેલ છે કે Right not to be deprived of property save by authority of law is no longer a fudamental right though it is still a constitutioal right. વધુ એક કેસમા નામદાર સર્વોચ્ચ અદાલતે Indian Handicrafts versus Union of India AIR 2003 SC 3240 ના કેસમાં ઠરાવેલ છે કે Right to property is a human right as also a constitutional right but it is not a fundamental right. Each and every claim to property would not be a property right. આમ ઉપરોકત ચુકાદાથી સ્પષ્ટ છે કે મિલકત ધરાવવાનો અધિકાર જે મુળભૂત અધિકાર નથી પરંતુ એ વ્યકિતનો માનવઅધિકાર છે અને બંધારણીય હકક છે અને કાયદાની પ્રકીયા વગર તેને તેનાથી વંચિત કરી શકાય નહી.

(૨૪) હવે વાદીની જમીન ઓકયુપાય કરવામાં આવેલ છે તે અંગે વાદીઓનો પુરાવો ચકાસવામાં આવે તો તેઓએ જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ની કલમ–૪ મુજબનુ પ્રાથમીક જાહેરનામાની કોપી આંક–૫૦ થી રજુ કરેલ છે તથા આંક ૫૧ થી નિરીક્ષક અધિકારી માર્ગ અને મકાન ઉ. પેટા વિભાગનો તારીખ ૨૫/૧૦/૧૨ નો મિલનકુમાર કાળીદાસ ગાંધીને સંબોધીને લખેલ લેટર રજુ કરેલ છે તેમજ આંક ૫૪ થી રેવન્યુ સર્વે નંબર ૯૩ પૈકીની જમીમાં રહેણાંકના હેતુ સર એન.એ હુકમ

થયેલ તેનો લે આઉટ પ્લાન રજુ કરેલ છે તેમજ કોર્ટ કમીશ્નરનુ પંચનામુ રજુ કરેલ છે તે સિવાય વાદી તરફથી કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી હવે લુણાવાડા –સંતરામપુર– ઝાલોદ બાયપાસ રોડ માટે ખાનગી જમીનો સંપાદન કરવામા આવેલ છે અને જે વ્યકિતઓની જમીન સંપાદન થયેલ છે તેઓને વળતર ચુકવવામાં આપેલ છે જે નિર્વિવાદ હકકીત છે હવે વાદીનો પ્લોટ બાયપાસ રોડમા કપાતમાં ગયેલ છે. આંક ૫૧ થી રજુ થયેલ પત્રથી વાદીના પ્લોટ બાયપાસ રોડમાં કપાત થયેલ હોય તેવુ કોઈ પ્રતિવાદીઓનુ એડમીશન હોવાનુ જણાતુ નથી તે પત્ર માત્ર વાદીને જમીનની હદ બાબતે વિવાદ હોય તો ડીઆઈએલઆર ગોધરાની ટીમ તા. ૨૭/૧૦/૧૨ ના રોજ હાજર રહેવાની છે તો હાજર રહેવા વીનંતી કરેલ છે અને તે અનુસંધાને વાદીએ હાજર રહેલ હોય કે માપણી થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી આમ વાદીનો પ્લોટ કપાતમાં ગયેલ છે તે બતાવતો કોઈ સ્પષ્ટ મજબુત પુરાવો વાદી તરફથી રજુ કરેલ નથી કોર્ટ કમીશ્નરનુ પંચનામુ વાદી એ કોર્ટ કમીશ્નરેને તેઓના પુરાવા દરમ્યાન તપાસી પુરવાર કરેલ નથી જેથી તેને વંચાણે લઈ શકાય તેમ નથી તેમ છતાં ઉદારતા ખાતર આ પંચનામુ વંચાણે લેવામાં આવે તો પણ તેમાં વાદીનો પ્લોટ રોડમાં ગયેલ છે તેવુ માત્ર વાદીના કથન આધારે પંચનામુ તૈયાર કરેલ અને નકશો બનાવેલ હોવાનુ જણાય છે જે પુરાવો વાદીનુ કથન સાબીત કરવા પુરતો નથી વાદી તરફથી તેઓના પુરાવા દરમ્યાન સીટી સર્વેયરને તેઓનો રહેણાંકનો પ્લોટનો તાજેતરનો એટલે કે બાય પાસ રોડ બન્યા પછીનો નકશો રજુ કરેલ નથી કે ડી.આઈ.એલ.આર કચેરીના જવાબદાર અધિકારીને તપાસેલ નથી કે જીપીઆરએસ નકશો રજુ કરેલ નથી કે તેઓએ સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડ ઉપર સંપાદનમાં ગયેલ જમીનના ડી.આઈ.એલ.આર.ના રીપોર્ટ કે નકશો રજુ કરેલ નથી કે તેઓને તપાસેલ નથી વધુમા

તેઓના સર્વે નંબર ૯૩ પૈકીની જમીન બીન ખેતી નો હુકમ રહેણાંકના પ્લોટના હેતુ માટે થયેલ છે અને તેમાં વાદી સીવાય અન્ય ૧૪ પ્લોટ આવેલ છે અને આ પ્લોટના કબજેદાર કે માલીકે તેઓની જમીન રોડમાં ગયેલ હોય કે ઉપયોગમાં લેવામાં આવેલ હોય તેવી કોઈ રજુઆત સક્ષમ ઓથોરીટી સમક્ષ કરેલ હોય કે કોઈ કાયદાકીય કાર્યવાહી કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર નથી અને તેથી વાદીના પ્લોટની લાઈનમાં બીજા રેહણાંકના પ્લોટ આવેલ હોય ત્યારે વાદીના પ્લોટ સાથે સાથે અન્ય પ્લોટ પણ રોડમાં કપાતમાં ગયેલ હોય કે ઉપયોગમાં લેવાયેલ હોય અને તે જમીન માટે સંપાદનની કાર્યવાહી થયેલ ન હોય તો તે ઈસમોએ તેમની જમીનના વળતર માટે કાયદાકીય લડત લડે નહી અને તેઓએ મૂક સંમતિ આપેલ હોય તેવુ માની શકાય નહિ. આમ વાદી તરફથી એવો કોઈ વિશ્વસનીય, મજબૂત પુરાવો રજુ થયેલ નથી કે તેઓનો પ્લોટ બાય પાસ રોડમાં ઉપયોગમાં પ્રતિવાદીઓ દવારા લેવામાં આવેલ છે તેવુ આમ જયારે તેઓનો પ્લોટ પ્રતિવાદીઓએ રોડ ઉપયોગમાં લીધેલ છે તેવુ પુરવાર કરી શકેલ ન હોય તેઓ જમીન સંપાદન અધિનિયમ નીચે વળતર મેળવવા હકદાર રહેતા અને તેથી તે મુદદા અંગેની ચર્ચા કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી આમ ઉપરોકત ચર્ચાના અંતે મુદદા નં ૧ હકારમાં ઠરાવુ છુ અને મુદદા નં. ૨ તથા ૩ નો નિર્ણય નકારમાં ઠરાવુ છુ.

<u>મુદદા નં. ૪ :–</u>

(૨૫) શુ વાદીનો દાવો સમયમર્યાદા કાયદાનો નો બાધ નડે છે તેવો કાનૂની મુદદો ઘડવામાં આવેલ છે હવે આ મુદદાનો નિર્ણય માટે વાદીની દાવામા રીલીફ માંગેલ છે તે તથા દાવાનુ કરવાનુ કારણ કયારે ઉત્પન્ન થયેલ છે તે જોવુ આવશ્યક રહે છે વાદીએ દાવાના કારણમાં પ્રતિવાદી નં. ૨ તથા ૩ લુણાવાડા સંતરામપુર ઝાલોદ બાયપાસ માટે રામપુર તા. સંતરામપુર જી

મહીસાગર ની જે સર્વે નંબરોની જમીન સંપાદન કરી તે સંપાદન જમીનમાં વાદીની દાવાવાળી મિલકત જાહેર હેતુ માટે માટે સંપાદન કરવાનો કોઈ જાહેરનામુ બહાર પાડેલ નહિ અને જાહેરનામુ બહાર પાડેલ તેમા વાદીની દાવા વાળી મિલ્કતનો ઉલ્લેખ ન હોવા છતાં પ્રતિવાદી નં. ૨ તથા ૩ ના એ અમો વાદીની જમીનો ગેરકાયદેસર કબજો પડાવી લઈ વાદીની દાવાવાળી મિલ્કતામાં આ પ્રતિવાદી નં.૪ ના એ લુણાવાડા સંતરામપુર ઝાલોદ બાયપાસ રોડના કામ. સદર દાવાવાળી મિલકતનુ કોઈપણ જાતનુ વળતર આપ્યા વગર ગેરકાયદેસર જમીન પડાવી લઈ અને તેમાં આ તમામ પ્રતિવાદીઓ એકબીજાની મીલીભગતમાં વાદીની જમીનનુ અધિગ્રહણ ગેરકાયદેસર રીતે કરી અને તે અંગેની રજુઆતો કરતા આ બાયપાસ હાલમાં તા. ૧૫/૧/૧૫ માં સંપૂર્ણ કરેલ હોઈ તેથી આ દાવો કરતા અગાઉ સીપીસી કલમ ૮૦ મુજબની નોટીસ આપેલી અને જે બજેલી આપેલ નહી કે વળતર ચુકવી નહી આપતા દાવો કરેલ છે. હવે વાદીએ હાલનો દાવો તારીખ ૧૭/૮/૨૦૧૫ ના રોજ લુણાવાડા પ્રીન્સીપાલ સીનયર સીવીલ જજની કોર્ટમાં દાખલ કરેલ અને ત્યારબાદ સંતરામપુર ખાતે સિનિયર સીવીલ જજ કોર્ટ સ્થપાતા સંતરામપુર સિનિયર સીવીલ કોર્ટ ખાતે કેસ ટ્રાન્સફર સને ૨૦૧૭ માં થતા ફરીથી નંબર આપવામાં આવેલ છે. હવે વાદીએ દાવાનુ કારણમાં વાદીએ પ્રતિવાદીઓને તેઓના ગેરકાયદેસર કૃત્ય અંગે અનેક રજુઆતો કરી અન વળતર ચુકવી આપવા જણાવેલ અને સને ૨૦૧૫ બાયપાસ રોડ પૂર્ણ થતા વાદીએ દાવો લાવતા અગાઉ સીપીસી કલમ ૮૦ મુજબની નોટીસ આપેલ પણ પ્રતિવાદીઓએ તેનો કોઈ જવાબ નહી આપી અને નોટીસમાં માંગણી મુજબનુ વળતર નહી કરતા દાવો કરેલ છે. હવે વાદીની મુખ્ય રીલીફ પ્રતિવાદીઓનુ કૃત્ય ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ

છે. તેવુ ઠરાવી લેવાનો દાવો છે અને વળતર તે આનુષંગીક દાદનો છે. હવે સમય મર્યાદા અધિનિયમ ૧૯૬૩ ના આર્ટીકલ ૫૮ તથા ૧૧૩ ની જોગવાઈ જોવામાં આવે તો, જે આ મુજબ છે.

આર્ટીકલ	દાવાઓનુ વર્ણન	સમય મર્યાદા	જયારથી સમય પસાર થવાનુ શરૂ થાય
૫૮	અન્ય પ્રકારનુ જ્ઞાપન મેળવવા માટે	ત્રણ વર્ષ	જયારે દાવો કરવાનો અધિકાર ઉત્પન્ન થાય ત્યારથી
૧૧૩	જે કોઈ દાવા માટે આ પરિશિષ્ટમા કયાંય સમય મર્યાદાની જોગવાઈ કરવામાં ન આવી હોય	ત્રણ વર્ષ	જયારથી દાવો કરવાનો અધિકાર ઉત્પન્ન થાય ત્યારથી

હવે દાવો કરવાનુ કારણ ઉત્પન્ન કયારથી થયુ તે અંગે રેકર્ડ ઉપરનો પુરાવો ચકાસવામાં આવે તો વાદીએ ઉલટ તપાસમાં કબુલ કરે છે કે **આખરી જાહેરનામુ બહાર પાડવામાં આવલુ તેમાં તેઓની જમીન સંપાદન કરવામા આવેલ ન હતી તથા રસ્તાનું કામ કાજ સને ૨૦૦૫/૦૬ મા પૂર્ણ થઈ ગયેલું એ વાત કબુલ કરે છે કેલ તેણીએ સરકારને દાવો કરતા પહેલા સને ૨૦૧૫ માં નોટીસ આપેલી તથા વર્ષોથી સંતરામપુર મુકામે રહે છે તથા તેણીએ દાવાવાળી મિલ્કત બાબતે સને ૨૦૦૫ થી હાલનો દાવો કર્યા સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી** આમ ઉપરોકત હકીકત જોતા વાદીએ તેઓનો પ્લોટ રસ્તામાં કપાત થયેલ

છે અને તેઓના પ્લોટનુ સંપાદન થતી જમીન અંગેના જાહેરનામામાં ઉલ્લખે ન હોવા છતા ઉપયોગમાં લીધેલ હોઈ તે અંગે તાત્કાલીક કોઈ પગલા લીધેલ નથી કે દાવો લાવેલ નથી અને સને ૨૦૦૨ થી લઈ દાવો લાવ્યા ત્યાં સુધી તેઓ તેમના હકક પ્રત્યે જાગૃત રહેલ નથી અને શીથીલ રહેલ છે અને સને ૨૦૧૫ માં રસ્તાની કામગીરી પૂર્ણ થયેલ હોવાનુ કારણ જણાવીને દાવો સમય મર્યાદામાં બતાવવા ઉભુ કરેલ હોવાનુ સ્પષ્ટ રીતે ફલિત થાય છે અને તેથી વાદીએ તેઓને દાવો કરવાનુ કારણ ઉત્તપન્ન થયાના ત્રણ વર્ષમાં દાવો લાવેલ નથી તે રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થતુ હોઈ વાદીનો દાવો સમય મર્યાદાના કાયદાના અનુરછેદ ૫૮ તથા ૧૧૩ મુજબ સમયમર્યાદા બહાર હોઈ મુદદા નં. ૪ નો નિર્ણય હકારમાં ઠરાવુ છું.

<u>મુદદાન નં.–૫ :–</u>

(૨૬) આમ ઉપરોકત ચર્ચાના અંતે મોજે રામપુર તા. સંતરામપુર જી મહીસાગરના રેવન્યુ સર્વે નં. ૯૩ પૈકીની જમીન જે બીન ખેતીમાં થતા જે સીટી સર્વે નંબર ૨૮૩૩ થી સીટી સર્વેમાં સમાવેશ થયેલ અને આ જમીનમાં પાડવામા આવેલ રહેણાંકના પ્લોટ પૈકી પ્લોટ ન. ૧ વાદીના પતિ દીલીપકુમાર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી માલીક કબજેદાર હતા અને તેઓના ગુજરી ગયા પછી તેમના કાયદેરના વારસદારો તરીકે વાદીઓ વારસાઈ રૂઈએ માલીક કબજેદાર છે તે વાદીઓ સાબીત કરેલ છે પરંતુ તેઓનો આ રહેણાંકનો પ્લોટ નં.૧ પ્રતિવાદીઓએ સંતરામપુર–ઝાલોદ બાયપાસ રોડમાં ઉપોગમાં લીધેલ છે તેવુ સાબિત કરી શકેલ ન હોઈ પ્રતિવાદીઓએ મુદદા નં. ૨ તથા ૩ નો નિર્ણય નકારમાં ઠરાવેલ હોઈ વધુમાં મુદદા નં.૪ ના નિર્ણય મુજબ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોઈ વાદી દાવામા માગ્યા મુજબની દાદ

મેળવવા કાનૂની રીતે હકદાર ન હોઈ મુદદા નં. ૫ નો નિર્ણય નકારમાં ઠરાવુ છુ અને મુદદા નં. ૬ અંગે આખરી હુકમ નીચે મુજબ ફરમાવુ છુ.

-: હુ ક મ :-

૧ વાદીનો દાવો ના મંજુર કરવામાં આવે છે.

૨ પક્ષકારોએ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ ૮ માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮/૦૫/૨૦૨૬.
સંતરામપુર

(જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)
પ્રીન્સીપાલ સિનિયર સીવીલ જજ
સંતરામપુર
જજ કોડ જીજે ૦૧૦૭૭